# દાંતીવાડાના વાવધરા ગામે વિકાસના નામે મીંડુ

દાંતીવાડા, તા. ૨૪

દાંતીવાડા તાલુકાના વાવધરા ગામ તરફ જવાનો રોડ બિસ્માર હાલતમાં છે. અહી પાણીની સુવિધા પણ નથી. તંત્ર સમક્ષ ગ્રામજનો દ્વારા લેખીતમાં અનેકવાર ફરિયાદ કરવા છતાં તંત્ર કોઈ નક્કર પરિણામ લાવવાના મુડમાં જણાતુ નથી. ગ્રામજનો દ્વારા ૨૬ સપ્ટેમ્બર સુધીમાં તંત્ર તાત્કાલિક ધોરણે પગલા લેવાની લેખીતમાં ખાત્રી આપે તેમ જણાવાયું છે. નહિ તો ગ્રામજનો ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલનનાં મુડમાં જણાય છે.

ગુજરાત સરકાર દ્વારા વિકાસની મોટી મોટી વાતો કરવામાં આવે છે ત્યારે ગુજરાતના દાંતીવાડા તાલુકાથી માત્ર ૨૫ કિ.મી. દૂર આવેલુ વાવધરા ગામ અત્યારે હાલની પરિસ્થિતિમાં પણ રોડ, પાણી અને સૌથી અગત્યની આરોગ્યસેવાથી પણ વંચિત રહ્યું છે.

વાવધરા અંતરિયાળ વિસ્તારનું ગામ છે. જ્યાં આઝાદીના ૬૬ વર્ષ પછી પણ પ્રાથમિક સુવિધાથી વંચિત રાખવામાં આવ્યું છે. રોજગારી માટે ગ્રામજનોને આવવા-જવા માટે વાહન-વ્યવહાર પણ શક્ય નથી. ૧૦૮ની આરોગ્યની સેવા પણ મળતી નથી. ગ્રામજનો દ્વારા તંત્રને અનેકવાર રજુઆત કરવા છતા પ્રાથમિક સુવિધાથી લોકો વંચિત રહ્યા છે. ગ્રામજનોની સુવિધાનો સત્વરે ઉકેલ નહિ લાવવામાં આવે તો આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવાની ગ્રામજનો દ્વારા ચિમકી ઉચ્ચારી છે.

# હિંમતનગર સાયન્સ કોલેજમાં વિદ્યાર્થીઓની વેલકમ પાર્ટી યોજાઈ

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગર ખાતે આવેલી હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત સાયન્સ કોલેજમાં બી.એસ.સી. સેમીસ્ટર-૧ તથા એમ.એસ.સી. સેમીસ્ટર-૧ના વિદ્યાર્થી ભાઈ-બહેન માટેની વેલકમ પાર્ટી તાજેતરમાં યોજાઈ હતી.

વેલકમ પાર્ટીમાં મુખ્ય મહેમાન તરીકે નાથાભાઈ એસ. પટેલ (પ્રમુખ હિંમતનગર કેળવણી મંડળ) તથા પ્રહલાદભાઈ સોમાણી (મંત્રી હિંમતનગર કેળવણી મંડળ)એ કોલેજના વિદ્યાર્થી યુવક-યુવતીઓને શુભેચ્છા પાઠવી હતી. પ્રસંગને અનુરૂપ પ્રવચન ડૉ. બી.એસ. પટેલ અને જે.એસ. પટેલે આપ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન પાધ્યાપકગણ અને વિદ્યાર્થીઓએ કર્યુ હતું.

# અંબાજી મુકામે ગુજરાત સરકારના વિકાસકીય -દર્શનને રસપૂર્વક નિહાળતા લાખો માઈભક્તો

પાલનપુર, તા.૨૪

મેળા -સંગે અંબાજી મુકામે દાંતા રોડ ઉપર બનાવાયેલ લાંબા -દર્શન ડોમમાં માહિતી વિભાગ ધ્વારા ખુબ સુંદર -દર્શન ગોઠવવામાં આવ્યું છે. જેનું ઉદઘાટન કલેકટરશ્રી જે.બી.વોરા ધ્વારા કરવામાં આવ્યું હતું. આ -દર્શનને માઈભકતો વિશાળ સંખ્યામાં ૨૨સપૂર્વક નિહાળે છે. -દર્શનમાં ગુજરાત સરકાર ધ્વારા થયેલ અજોડ અને વિક્રમજનક વિકાસ વિશે વિસ્તૃત માહિતી ઉપલબ્ધ છે.

-દર્શનના ઉદઘાટન -સંગે ધ્યાન મંદિર વડોદરાના સાધ્વીજી પૂ.મા હરેશ્વરીદેવીજી, બનાસકાંઠા પોલીસ અધિક્ષકશ્રી અશોક યાદવ, વહીવટદાર શ્રી આર.બી.ચૌધરી,-ાન્ત અધિકારીશ્રી ગામીત તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# અંબાજીમાં બ્રહ્મબંધુઓની પુજા સમયે માનસરોવરનો દરવાજો ખોલવા માંગણી

ગાંધીનગર, તા.૨૪

અંબાજીમાં ભાદરવી મેળા સમયે તથા વર્ષ દરમ્યાન ચાચર ચોકનો માન સરોવર તરફનો દરવાજો બ્રહ્મબંધુઓને પુજાના સમયે ખોલી આપવાની માંગણી શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના મહેશભાઈ મહેતાએ માંગણી કરેલ છે. આ અંગે જયનારાયણભાઈ વ્યાસ સમક્ષ રજૂઆત કરેલ છે. મા અંબાજીની પૂજા માટે અંબાજી મંદિરમાં પિતામ્બરધારી બ્રાહ્મણને મંદિરના ગર્ભગૃહમાં પુનિતપાવન ચરણોમાં પુજા કરવાનો અધિકાર મળેલ છે. બ્રહ્મબાંધુઓ પરંપરાવી છે. અધિકાર ભોગવે છે. આપે આ પરંપરાનું જતન કરેલ છે.

મંદિરની પવિત્રતા મીલકતોની રક્ષા માટે જે સલામતી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. જેને લઈને બ્રાહ્મણો ચાચર ચોકમાં પ્રવેશ મેળવતા હતા. પરંતુ સલામતીના કારણોસર આ સેવા બંધ કરેલ છે. પરિણામે બ્રાહ્મણોને સાત નંબરના દરવાજાથી પ્રવેશ અન્ય યાત્રાળુઓ સાથે અપાય છે. જેથી પુજા માટેની જરૂરી પવિત્રતા જળવાતી નથી. અન્ય યાત્રાળુઓ સાથે અથડામણ થાય છે. જન સમુદાયમાં મનદુઃખ થાય છે. તો પવિત્રતા જળવાઈ રહે તે માટે માન સરોવરનો દરવાજો ખોલી આપવા વિનંતી છે. કાયમી ધોરણે વ્યવસ્થા ગોઠવી આપવી.

# અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા વિનામૂલ્યે ભોજન -સાદની સુવિધા

પાલનપુર, તા.૨૪

મેળા -સંગે શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા દાંતા રોડ ઉપર દિવાળીબા ગુરૂ ભવન ધર્મશાળા આગળના કમ્પાઉન્ડમાં તથા અંબિકા ભોજનાલય ખાતે વિનામૂલ્યે ભોજન -સાદની સુવિધા કાર્યરત બનાવાઈ છે. જેનો -ારંભ કલેકટરશ્રી જે.બી.વોરાએ કરાવ્યો હતો.

ભોજન -સાદમાં પુરી, શાક, બુંદી, સેવ વગેરેનો સમાવેશ થાય છે. માઈભક્તોને આ સુવિધાનો લાભ લેવા જણાવાયું છે.




શિહોરી-ખીમાણા હાઈવે પર પંચમુખી હનુમાનજીના પટાંગણમાં અંબાજી પગપાળા ચાલતા જતા શ્રદ્ધાળુઓને કોઈપણ જાતની અગવડ ના પડે તેવા ઉમદા આશયથી શિહોરી ગામ પરિવાર અને વડિલો, આગેવાનો, વ્યાપારી, કર્મચારી તરફથી ચા-પાણી, નાસ્તો, જમવાની સગવડ, રોકાવાની સગવડ, ન્હાવાની સગવડ, તેમજ મેડીકલ સેવાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે આ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. ચોવીસ કલાક ચાલતા કેમ્પમાં નવયુવાનો ખડે પગે સેવામાં રહે છે અને યાત્રાળુઓને માલિશ પણ કરી આપે છે. બોલ મારી અંબે જય જય અંબેના નારાથી આ કેમ્પ ગાજી ઉઠે છે. **(તસવીર : હેમુભા વાઘેલા, શિહોરી)**

# વિધાનસભા ચૂંટણી સંદર્ભે ડીસા તાલુકા ક્ષત્રિય સમાજની બેઠક યોજાઈ

ડીસા, તા. ૨૪

ડીસા તાલુકાના કાંટ ગામે તાજેતરમાં ઠાકોર સમાજની બેઠક યોજાઈ હતી. જેમાં આગામી સમયમાં આવી રહેલી વિધાનસભાની ચૂંટણીમાં સૌથી વધુ જનસંખ્યા ધરાવતા ઠાકોર સમાજને અન્યાય ન થાય તે માટે રાજકીય પક્ષોને સચેત કરવા માટે આગામી સપ્તાહમાં ઠાકોર સમાજનું જિલ્લાકક્ષાનું સંમેલન યોજવા માટેનું આયોજન નક્કી કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે દરેક સમાજ પોતાની રણનીતિ નક્કી કરી રહ્યા છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ મતો ધરાવતા ઠાકોર સમાજને વસ્તીના ધોરણે બન્ને પક્ષ ત્રણ-ત્રણ ટીકીટો આપે તેવી ઠાકોર સમાજમાં માંગણી ઉઠવા પામેલ છે ત્યારે આગામી સમયમાં શુ કરવુ તે બાબતે ડીસા તાલુકાના કાંટ ગામે પૂર્વ ડેલીગેટ ચમનજી ઠાકોરના ફાર્મહાઉસ પર ઠાકોર સમાજના અગ્રણીઓની ચૂંટણીલક્ષી મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં આગામી વિધાનસભાની ચૂંટણીમાં ઠાકોર સમાજને અન્યાય ન થાય અને ટિકિટની ફાળવણીમાં ઠાકોર સમાજને વસ્તીના ધોરણે અગ્રતાક્રમ આપવામાં આવે તે માટે સમાજના અગ્રણીઓએ ચિંતન કર્યું હતું.

આ પ્રસંગે જણાવ્યું હતું કે ચૂંટણીના સમયમાં દરેક જ્ઞાતિ ચૂંટણી ટાણએ પોતાનો હક માંગી રહી છે ત્યારે ઠાકોર સમાજ પણ પોતાની એકતા અને સંગઠનની તાકાત બતાવવા અને રાજકીય પક્ષોને ઢંઢોળવા માટે આગામી સપ્તાહમાં સમાજનું વિશાળ સંમેલન એકઠુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

# અંબાજી ભાદરવી મેળાનો થયેલ શાનદાર -ારંભ

## અરવલ્લીના ડુંગરાઓ જયઅંબેના જયઘોષથી ગુંજવા માંડ્યા - યાત્રીકો માટે કરાયેલ વ્યાપક સુવિધાઓ



પાલનપુર, તા.૨૪

-સિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે યોજાતા ભાદરવી પુનમના સાત દિવસીય મહામેળાનો ભક્તિ અને ઉલ્લાસભર્યા ભવ્ય માહોલમાં શાનદાર -ારંભ થયો છે. મેળા -સંગે યાત્રીકો જયઅંબેના નાદ સાથે હર્ષપૂર્વક અંબાજી તરફ જઈ રહ્યા છે. અરવલ્લીના હરિયાળા ડુંગરો અને ખળખળ વહેતાં ઝરણાંથી યાત્રીકો -સન્નતા અનુભવે છે. ઘણા માઈભકતો અને સેવાભાવી સંસ્થાઓ ધ્વારા રસ્તામાં ઠેરઠેર વિવિધ સેવાકેન્દ્રો કાર્યરત બન્યાં છે. જયાં યાત્રીકોને ચા, નાસ્તો, જમવાનું, ગરમ પાણી, વિસામો, લીંબુ સરબત જેવી સુવિધાઓ વિનામૂલ્યે મળે છે.

બનાસકાંઠા જીલ્લા વહીવટીતંત્ર અને શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા યાત્રીકો માટે જરૂરી તમામ સુવિધાઓ સારી રીતે ઉપલબ્ધ બનાવાઈ છે. રસ્તાઓ ઉપર વીજલાઈટો ગોઠવવામાં આવી છે. પોલીસ અને સુરક્ષા દળના જવાનો પરિસ્થિતી પર ઝીણવટભરી નજર રાખી રહ્યા છે.

મંદિરમાં દર્શન માટે બે-બે રેલીગ વ્યવસ્થા ઉપરાંત દર્શનનો સમય રાત્રિના ૧-૩૦ વાગ્યા સુધી લંબાવાયો છે. અંબાજી વિસ્તારના અરવલ્લી ડુંગરાઓ બોલ મારી અંબે...... જય જય અંબેના જયઘોષથી ગુંજી રહ્યા છે. બે દિવસ પછી અંબાજી તરફ યાત્રીકોનો ધસમસતો -વાહ જોવા મળશે.

અંબાજીનો આ મેળો માઈભકતો માટે મહાઅવસર સમાન છે. ચાલીને, કષ્ટ વેઠતા અંબાજી જઈને માની પુજા આરાધના કરવાથી મા -સન્ન થાય છે એવી માન્યતા હોવાથી લોકો ચાલતા અંબાજી પહોચે છે.

# રાણપુર ફાર્મહાઉસ પર સંત મેળાવડો યોજાયો

ડીસા, તા.૨૪

ડીસા તાલુકાના રાણુપુર(આ) ગામે ફાર્મ હાઉસ પર ૩૦ જેટલા આચાર્ય સદપુરુષોની ઉપસ્થિતિમાં યોજાયેલ સંત મેળાવડામાં મોટી સંખ્યામાં ભકતજનો ઉમટી પડ્યા હતા અને સંતમુખેથી નિકળેલ અમૃવાણીનું મોડી રાત સુધી રસપાન કરી ધન્યતા અનુભવી હતી.

ડીલા તાલુકાના રાણપુર(આ) ગામે ફાર્મ હાઉસ પર સંતશિરોમણી સદારામ બાપુ અને પૂજ્ય જવાનરામ મહારાજની છત્રછાયા હેઠળ સંત મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં સંત પુરુષોએ જીવનને સુધારવા માટે ભક્તિરૂપી વરમાળા પહેરવા હાકલ કરી તત્વજ્ઞાની ગુરૂ પાસે ઉપદેશ લઈ જીવન ધન્ય બનાવવા માટે અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે અજમલજી મહારાજ (કોઈટા), ડાહ્યારામ સાહેબ(આસોડા), અગરદાસ મહારાજ (ખરડોસણ), મિયાચંદ મહારાજ(ડીસા), બાબુરામ મહારાજ (ભોપાનગર), સંગ્રામદાસ મહારાજ (ઘુમ્મડ) સહિત દુરદુરથી સંતો ભક્તો અને મહાપુરુષો પધાર્યા હતા. મોડી રાત સુધી ભજન સત્સંગની સરવાણી વહાવી જીજ્ઞાસુઓને જકડી રાખ્યા હતા. પૂ. જવાતરામ મહારાજે તેમના શિષ્ય પ્રતાપરામ મહારાજ ( રાણપુર આ)ને અધિકાર આપી આચાર્ય તરીકેની પદવી આપી હતી. જેને તમામ સંતો, મહંતોએ વધાવી હતી. ઉપસ્થિત સંતોનું સામૈયું અને પૂજન કરવામાં આવ્યું હતું. તમામ લોકો માટે ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે પચાણજી પ્રતાપજી વાઘેલા, નટવરજી વાઘેલા, અનારજી વાઘેલા, પરબતજી વાઘેલા, અમુજી વાઘેલા સહિત સમસ્ત વાઘેલા પરિવાર અને ગુરુભાઈઓએ જહેમત ઉઠાવી હતી.



બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકામાં સીપ્ર નદીના ખોળે વસેલુ ચોડુંગરી ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ ગ્રામજનો દ્વારા ધામધૂમપૂર્વક ગણેશ ચતુર્થીએ ગણપતિ ભગવાનની સ્થાપના કરવામાં આવી હતી અને પાંચ દિવસના વિવિધ ધાર્મિક કાર્યક્રમો બાદ આજે શ્રધ્ધાપૂર્વક વાજતે ગાજતે ભગવાનની મૂર્તિનું ભક્તોએ વિસર્જન કર્યું હતું. **(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)**

# કેશરપુરા દૂધ મંડળીના ૪૬ સભાસદો ન્યાય માટે ગ્રાહક હિત મંડળના શરણે પહોંચ્યા

પ્રાંતિજ, તા. ૨૪

પ્રાંતિજ તાલુકાના કેશરપુરા ગામમાં આવેલી કેશરપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સભાસદોને તેમના દૂધની રકમ મંડળી સત્તાવાળાઓ તરફથી ઓછી ચૂકવાતી હોવાના આક્ષેપ સાથે મંડળીના ૪૬ સભાસદોએ ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજમાં ન્યાયની દાદ માટે ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કેશરપુરા ગામની દૂધ મંડળીમાં ૨૪૨ જેટલા સભાસદો છે જેપૈકી ૪૬ જેટલા ગ્રાહકોને નેટ પગારમાં ઓછા ભાવ ચૂકવવામાં આવતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે દૂધ મંડળીના સભાસદોએ કાર્યવાહક મંડળ તથા મંત્રીને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં આજદિન કોઈ પરિણામ ન આવતા ૪૬ સભાસદોએ સંયુક્ત રીતે ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજમાં ન્યાયની દાદ માટેની ફરિયાદ કરતા ગ્રાહક હિત સુરક્ષા મંડળના પ્રમુખ નટુભાઈ બારોટ દ્વારા ગ્રાહક હિત માટે આગાળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉ. ગુજરાતમાં કો.ઓપરેટીવ બેંકને પાંચ લાખનો દંડ કરાયો

## તલોદ નાગરિક સહકારી બેંક લિમિટેડને દંડ : ધારાધોરણ નહીં પાળવા બદલ દંડ ફટકારાયો

### ગુજરાતમાં એપ્રિલ બાદથી ડઝન જેટલી સહકારી બેંકો ઉપર સકંજો

અમદાવાદ, તા.૨૪

ઉત્તર ગુજરાતનાં સાબરકાંઠા જિલ્લામાં તલોદ નાગરિક સહકારી બેંક લિમિટેડને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયો ધારાધોરણો નહીં પાળવા બદલ પાંચ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

આરબીઆઈનાં સૂચનો નહીં પાળવા બદલ તેને દંડ કર્યો છે. સર્વોચ્ચ બેંકે કો.ઓપરેટીવ બેંક પર દંડ ફટકારતાં બેંકરોમાં પણ આની ચર્ચા રહી છે. શેરધારકોને ડિવિડન્ડની ફાળવણી અથવા ડિકલરેશન સાથે સંબંધિત આરબીઆઈનાં સૂચનોનો ભંગ કરવા બદલ તેને આ દંડ કરવામાં આવ્યો છે. તલોદ નાગરિક સહકારી બેંક લિમિટેડ પર દંડ ફટકારવામાં આવ્યા બાદ શેરહોલ્ડરોમાં દિવસ દરમિયાન ચર્ચા રહી હતી. બેંકિંગ રેગ્યુલેશન એક્ટ ૧૯૪૯ની કલમ-૪૬(૪) સાથે વાંચતા કલમ ૪૭એ (૧) (બી)ની જોગવાઈ હેઠળ આપવામાં આવેલી સત્તા હેઠળ આ દંડ કરાયો છે. ઓપરેશનલ સૂચનો પાળવામાં આવ્યાં નથી. આરબીઆઈએ એક નિવેદન જારી કરીને આ મુજબની વાત કરી હતી. બેંકિંગ રેગ્યુલેટરે કહ્યું છે કે, આરબીઆઈએ તલોદ નાગરિક સહકારી બેંકને કારણદર્શક નોટિસ આપી છે જેનો લેખિતમાં જવાબ આપવા બેંકને કહેવામાં આવ્યું છે. કેસની વાસ્તવિકતામાં તપાસ કર્યા બાદ બેંકે આ સૂચના આપી છે. મામલામાં અંગત રીતે રજૂઆત કરવાનું પણ કહેવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આરબીઆઈએ દેશભરમાં કેટલીક કો.ઓપરેટીવ બેંકોની અનિયમિતતા સામે સકંજો મજબૂત બનાવ્યો છે. માત્ર ગુજરાતમાં પહેલી એપ્રિલ ૨૦૧૨ બાદથી ડઝન જેટલી કો.ઓપરેટીવ બેંકોને દંડ ફટકાર્યો છે. રેગ્યુલેટર દ્વારા નક્કી કરવામાં આવેલાં આદેશો અથવા જુદા જુદા ધારાધોરણો નહીં પાળવા બદલ આ દંડ કરવામાં આવ્યો છે. આરબીઆઈએ અન્ય રેગ્યુલેટરી ફરિયાદો મળ્યાં બાદ સહકારી બેંકો સામે પોતાની રીતે તપાસ હાથ ધરી હતી જેમાં ઘણી ખામીઓ અને અનિયમિતતાઓ સપાટી પર આવી છે.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮